# ઘર માટેનાં

## સ્મોક અલાર્મ્સ




FIRE KILLS
YOU CAN PREVENT IT

આગથી તમારા ઘરનું રક્ષણ કરો

Gujerati

# સ્મોક અલાર્મ્સ - અતિ અગત્યનાં છે

**સ્મોક અલાર્મ્સ સસ્તાં, સહેલાઈથી મેળવી શકાય તેવાં અને યોગ્ય રીતે વાપરવામાં આવે તો ખરેખર જીવન બચાવનારાં છે! તે નહિ મેળવવા માટેનું કોઈ બહાનું નથી.**

સ્મોક અલાર્મ ખરીદવા, તે લગાવવા અને તેની જાળવણી કરવા વિશેની તમને જોઈતી બધી જ માહિતી આ પત્રિકામાંથી મળી રહેશે.

### સત્યઘટના– અગત્યનો 'વેક-અપ કોલ'



ડેવ અને મિશેક ક્લાર્ક અને તેમની બે નાની દીકરીઓનાં જીવન તેમનાં સ્મોક અલાર્મ્સને આભારી છે. એપ્રિલ 2002માં, ક્લાર્ક્સના ઘરમાં જ્યારે કુટુંબનાં સભ્યો ઊંઘતાં હતાં ત્યારે ઈલેક્ટ્રિકલ ખામી ઊભી થવાથી આગ લાગી. સદ્દનસીબે, ધુમાડાને કારણે તેમના ઘરના નીચેના અને ઉપરના બંને મજલે પરસાળોમાં લગાવવામાં આવેલા સ્મોક અલાર્મ બોલી ઊઠયાં, અને કુટુંબનાં સભ્યો સલામતીપૂર્વક બહાર ભાગી નીકળ્યાં. **'મને માનવામાં નથી આવતું કે અમુક લોકો પાસે હજુ પણ સ્મોક અલાર્મ્સ નથી,'** ડેવ કહે છે. **'તમારા કુટુંબના જીવનની સામે £5ની કિંમત શું છે?'**

# સ્મોક અલાર્મ્સ

**સ્મોક અલાર્મ ચેતવણી આપતું એક સાધન છે, જે આગ લાગવાની શરૂઆતમાં જ ધુમાડો પકડી પાડે છે.**




**તમારા ઘરમાં આગ લાગે તો તમને ચેતવવા માટે તેમાંથી મોટો તીણો અવાજ થવા લાગે છે.**

---

- **ઘરમાં લાગતી આગમાં મૃત્યુ પામતાં ઘણાં લોકો આગ લાગવાના સમયે ઊંઘતાં હોય છે.**
  સ્મોક અલાર્મના અવાજથી તમે ઊંઘમાંથી જાગી જશો અને ભાગી નીકળવાનો અમૂલ્ય સમય તમને મળી રહેશે.



- **સ્મોક અલાર્મ £5 જેટલાં સસ્તાં હોય છે.**
  તે લગભગ દરેક ડી.આઈ.વાય. સ્ટોરો, ઈલેક્ટ્રિકનાં સાધનોની દુકાનો અને ઘણી સુપરમાર્કેટો તેમજ હાઈ સ્ટ્રીટ ઉપરનાં છૂટક વેપારીઓને ત્યાંથી મળી રહે છે.

---

- **ભાડાના ઘરમાં રહો છો?**
  સ્મોક અલાર્મ લગાવવાની મકાન માલિકોની કાયદેસર ફરજ બનતી નથી. તમારી સુરક્ષા તમારી પોતાની જવાબદારી છે. અને, જો તમે ઘર બદલો તો તમારું સ્મોક અલાર્મ તમારી સાથે લઈ જઈ શકો છો.



# તે કેવી રીતે પસંદ કરશો

**તમે તમારી જરૂરત અને કેટલા પૈસા ખર્ચવા છે તેના આધારે સ્મોક અલાર્મનાં અનેક પ્રકારનાં મોડેલોમાંથી પસંદગી કરી શકો છો. તમારો સ્થાનિક ફાયર બ્રિગેડ વિભાગ તમને ખુશીથી વધારે માહિતી આપશે.**

- બે મુખ્ય નિર્ણયો, ધુમાડો પકડવાની ક્યા પ્રકારની પદ્ધતિ અને ક્યા પ્રકારનો પાવરનો સપ્લાય છે તે માટેના હોય છે. તમે અમુક વધારાનાં લક્ષણો માટે પણ વિચાર કરી શકો, જે હવે પછીનાં પાનાં ઉપર વર્ણવવામાં આવ્યાં છે.



- તમે કોઈ પણ મોડેલના સ્મોક અલાર્મની પસંદગી કરો, તેમાં બ્રિટિશ સ્ટાન્ડર્ડ કાઈટમાર્ક હોય તે જુઓ અને તે લગાવતી વખતે તેના ઉત્પાદકે આપેલી સૂચનાઓનું પાલન કરો.

***બહાનાં મૃત્યુ નોંતરે છે*** – *તમારા ઘરમાં કામ કરતું સ્મોક અલાર્મ નહિ હોય, તો ઘરમાં લાગતી આગમાં તમારું મૃત્યુ થવાની શક્યતા બમણી છે.*

# આગ પકડી પાડવી

**સ્મોક અલાર્મ્સ બે રીતે આગ લાગી હોવાનું પકડી પાડે છે. બંને પ્રકારો અસરકારક છે, પણ તેમાં થોડો તફાવત છે.**

## 1 આયોનાઈઝેશન અલાર્મ્સ



ખુલ્લી સળગતી જ્વાળાઓ સાથેની આગ પ્રત્યે સંવેદનશીલ હોય છે - દાખલા તરીકે, ચિપ્સનાં તપેલાંમાં લાગતી આગ. આ સૌથી સસ્તાં હોય છે અને ખૂબ જ વ્યાપક રીતે મળી શકે છે. તે £5 જેટલાં સસ્તાં હોય છે અને તે તમને મોટા ભાગની સુપરમાર્કેટો, ડી.આઈ.વાય. સ્ટોરો અને હાઈ સ્ટ્રીટ ઉપરનાં અન્ય છૂટક વેપારીઓ પાસેથી મળી શકશે.

## 2 ઓપ્ટિકલ અલાર્મ્સ



ધીમે ધીમે બળતી આગ પકડવા માટે વધારે અસરકારક હોય છે, જેમ કે વધારે પડતા ગરમ થઈ ગયેલાં ઈલેક્ટ્રિકના વાયરો. તે આકસ્મિક રીતે અથવા તમે રસોઈ કરતાં હોય ત્યારે ચાલુ થઈ જવાની શક્યતા ઓછી હોય છે, અને તે ભોંયતળિયાની પરસાળમાં કે એક જ મજલાના ઘરો માટે સૌથી ઉત્તમ છે. તેની કિંમત લગભગ £15થી શરૂ થાય છે અને તે ડી.આઈ.વાય. અને ઈલેક્ટ્રિકલ સાધનોની દુકાનોમાંથી મળી રહે છે.



*જો તમે એક કરતાં વધારે સ્મોક અલાર્મ લગાવી રહ્યાં હો, તો સર્વોત્તમ સુરક્ષા માટે તમે એક આયોનાઈઝેશન અને એક ઓપ્ટિકલ અલાર્મ લગાવવાનું વિચારી શકો.*

## પાવર સપ્લાય

**ઘણાં લોકો તેમના સ્મોક અલાર્મની બેટરીઓ તપાસવાનું ભૂલી જતાં હોય છે, એટલે પાવર સપ્લાય માટેની સર્વોત્તમ પસંદગી સૌથી વધારે લાંબો સમય ચાલે તેવો સપ્લાય રાખવાની છે.**

- **પ્રમાણભૂત બેટરીવાળાં અલાર્મ્સ** સૌથી પાયાનાં અલાર્મ્સ છે અને તે સૌથી સસ્તાં મળી શકે છે. પણ તેની બેટરીઓ દર અઠવાડિયે તપાસવી પડશે અને વર્ષે એકવાર બદલવી પડશે.



- **10 વર્ષ ચાલે તેવી બેટરીવાળાં અલાર્મ્સ** થોડાં વધારે મોંઘાં હોય છે પણ તમે બેટરીઓ બદલવાના ખર્ચના પૈસા બચાવશો.



- **મુખ્ય સપ્લાયથી ચાલતાં અલાર્મ્સ** ઘરમાં આવતા વીજળીના મુખ્ય સપ્લાય વડે ચાલે છે અને તેમાં બેટરીઓ તપાસવાની સમસ્યા રહેતી નથી. આ લાયકાત મેળવેલા ઈલેક્ટ્રિશ્યન દ્વારા લગાવવાં પડે છે. તેની કિંમત લગભગ £15થી શરૂ થાય છે, પણ તમારે તે લગાવવા માટેનો ખર્ચ કરવાનો રહેશે. તમારા ઘરમાં જો તમે બીજું કોઈ ઈલેક્ટ્રિકલ કામ કરાવવાનું વિચારતાં હો, તો આ વિકલ્પ વિશે વિચારી જોવાનું સારું છે.



- **લાઈટના સોકેટમાં પ્લગ ભરાવી શકાય તેવાં અલાર્મ** ફરીથી ચાર્જ કરી શકાય તેવી બેટરી વડે ચાલે છે, જે તમે જ્યારે લાઈટ ચાલુ કરો ત્યારે ચાર્જ થાય છે. બેટરી પૂરતી ચાર્જ કરવા માટે તમે પૂરતી વાર લાઈટ ચાલુ કરો તે અગત્યનું છે. તેની કિંમત લગભગ £20 થી શરૂ થાય છે.



*જીવન કરતાં બેટરી બદલવાનું વધારે સહેલું છે.*
***તમારા સ્મોક અલાર્મનું ધ્યાન રાખો અને તે તમારું ધ્યાન રાખશે.***

## અન્ય લક્ષણો

- **હશ અથવા સાઈલેન્સર બટન**
  તમારું અલાર્મ જો આકસ્મિક રીતે - દાખલા તરીકે, તમે રસોઈ કરતાં હો અથવા ટોસ્ટ બનાવતાં હો ત્યારે - વાગવા માંડે, તો આ બટનોથી તેને થોડા સમય માટે ચૂપ કરી શકાય છે.



- અલાર્મ ચૂપ કરવામાં આવ્યું છે તેવું તમને યાદ દેવડાવવા માટે તેમાંથી થોડી થોડી વારે ‘સીટી વાગવા જેવો’ અવાજ આવ્યા કરશે અથવા તેની લાલ લાઈટ ઝબૂક્યા કરશે. જો ખરેખર આગ લાગી હશે, તો ધુમાડાને કારણે હશ બટન ફરી ચાલુ થઈ જશે અને તમને ચેતવવા માટે અલાર્મ હજુ પણ વાગવા માંડશે.



- **એકબીજાં સાથે જોડાયેલાં અલાર્મ્સ**
  એકબીજાં સાથે જોડાયેલાં અલાર્મ્સ લગાવી શકાય છે, જેથી એક અલાર્મ આગ લાગી હોવાનું પકડી પાડે, ત્યારે બધાં જ અલાર્મ વાગી ઉઠે. તમે મોટા ઘરમાં રહેતાં હો અથવા એક કરતાં વધારે મજલાવાળા ઘરમાં રહેતાં હો ત્યારે આ ઉપયોગી રહે છે. આ અલાર્મ્સ લાયકાત મેળવેલા ઈલેક્ટ્રિશ્યન પાસે લગાવડાવાં પડશે.



## તમને સાંભળવાની તકલીફ છે?

- **સ્ટ્રોબ લાઈટ અને ધ્રુજારી કરતાં પૅડ સાથેનાં અલાર્મ્સ**
  સાંભળવાની તકલીફવાળાં અથવા બહેરાં લોકો માટે, ધ્રુજારી કરતાં પૅડ અને ઝબકારા કરતી સ્ટ્રોબ લાઈટો સાથેનાં સ્મોક અલાર્મ મળી શકે છે.

  આ પૅડ ગાદલા કે તકિયા નીચે રાખવામાં આવે છે. જ્યારે ધુમાડો પકડાય ત્યારે અલાર્મ વાગવા માંડશે અને તેના લીધે લાઈટ ઝબૂકવા માંડશે અને પૅડ ધ્રુજવા લાગશે. આનાથી તમે તરત જ જાગી જશો. બેટરી વડે ચાલતી આ સિસ્ટમની કિંમત £100 થી શરૂ થાય છે.



*રોયલ નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ફોર ડેફ પીપલ (આર.એન.આઈ.ડી.) બહેરાં અને સાંભળવાની તકલીફવાળાં લોકો માટે સ્મોક અલાર્મ વિશેની એક હકીકત પત્રિકા પ્રકાશિત કરે છે.* ***આર.એન.આઈ.ડી.ની ઈન્ફોર્મેશન લાઈનનો 0808 808 0123 ઉપર સંપર્ક કરો અથવા www.rnid.org.uk જુઓ.***

# શું જોવું જોઈએ



ઓપ્ટિકલ
**બેટરી વડે ચાલતું અલાર્મ**
Cost ar gyfartaledd
એકંદર કિંમત £10 થી £15



આયોનાઈઝેશન
**બેટરી વડે ચાલતું અલાર્મ**
£5 ની કિંમતથી મળી શકે છે



આયોનાઈઝેશન
અથવા ઓપ્ટિકલ
**મુખ્ય પાવર વડે ચાલતું અલાર્મ**
એકંદર કિંમત£15 થી £40



આયોનાઈઝેશન
અથવા ઓપ્ટિકલ
**મુખ્ય પાવર વડે ચાલતું અલાર્મ સ્ટ્રોબ લાઈટ અને ધ્રુજારી કરતા પેડ સાથે**
એકંદર કિંમત £100 થી £150



આયોનાઈઝેશન
**મુખ્ય પાવર વડે ચાલતું અલાર્મ જે લાઈટ બલ્બના સોકેટમાં પ્લગ નાંખીને ચાલે છે**
£20 ની કિંમતથી મળી શકે છે



આયોનાઈઝેશન
અથવા ઓપ્ટિકલ
**બેટરી વડે ચાલતું અલાર્મ જેમાં ૧૦ વર્ષ સુધી ચાલે તેવી બેટરી અથવા પાવર સોર્સ હોય છે**
£15 ની કિંમતથી મળી શકે છે

# તમારું સ્મોક અલાર્મ લગાવવું

**સ્મોક અલાર્મ લગાવવાનું સહેલું છે. તમારે માત્ર તેના ઉત્પાદકે આપેલી સૂચના જ અનુસરવાની હોય છે.**

## ઈન્સ્ટોલેશનમાં મદદ

- તમને તમારું અલાર્મ લગાવવામાં તકલીફ પડતી હોય, તો તમારા સ્થાનિક ફાયર બ્રિગેડનો સંપર્ક કરો. તેઓ તમને ખુશીથી સલાહ આપશે અથવા તે લગાવવામાં મદદ કરશે અને તમારા ઘરમાં આગથી સુરક્ષા વિશેના કોઈ પ્રશ્નો તમારે પૂછવા હશે તો તેના જવાબ આપશે.



## મારે કેટલા સ્મોક અલાર્મની જરૂર છે?

- તમારી પાસે જેટલાં વધારે અલાર્મ હોય તેટલા જ વધારે સુરક્ષિત તમે રહો છો. તમારા ઘરના દરેક મજલે તમારે ઓછામાં ઓછું એક અલાર્મ લગાવવું જોઈએ.

## મારે તે ક્યાં લગાવવાં જોઈએ?

- સ્મોક અલાર્મ હંમેશાં એવી જગ્યાએ લગાવવાં જોઈએ જ્યાંથી તમને તેનો અવાજ આખાયે ઘરમાં સંભાળાઈ શકે, ખાસ કરીને જ્યારે તમે સૂઈ ગયાં હો કે બારણાં બંધ હોય ત્યારે.



- આદર્શ જગ્યા દાદરાની ઉપરની છતમાં અથવા દાદરાની પરસાળોમાં અને બેઠકરૂમ તેમજ સૂવાના રૂમોની વચ્ચેની જગ્યા છે.



રસોડા કે બાથરૂમમાં અલાર્મ ન લગાવશો, જ્યાં તે વરાળ કે રસોઈના ધુમાડાને કારણે આકસ્મિક રીતે ચાલુ થઈ જાય.

- તમારે અલાર્મ છતમાં, રૂમ, પરસાળ કે લેન્ડિંગની શક્ય તેટલી મધ્યમાં લગાવવાં જોઈએ. કોઈ પણ દીવાલ કે લાઈટથી અલાર્મ ઓછામાં ઓછું 30 સેમી (એ કફૂટ) જેટલું દૂર રાખવું જોઈએ.



# તમારા સ્મોક અલાર્મની જાળવણી કરવી

**દર વર્ષે ઘરમાં લાગતી આગમાં લોકોનાં મૃત્યુ થાય છે, કારણ કે તેમનાં સ્મોક અલાર્મની બેટરી ચાલતી નહિ હોવાને કારણે કે બેટરી ન હોવાને કારણે તે કામ નથી કરતાં હોતાં.**

- **અઠવાડિયે એકવાર**
  બેટરી તપાસો - અલાર્મનો અવાજ ન આવે ત્યાં સુધી ટેસ્ટનું બટન દબાવો.



- **વર્ષે એકવાર** બેટરી બદલી નાંખો (સિવાય કે તે 10 વર્ષ ચાલતી બેટરીવાળું અલાર્મ હોય).



- **વર્ષમાં બે વાર** તેનું ઢાંકણ ખોલો અને હળવેથી અંદરના ભાગમાં સેન્સરો ઉપર ભેગી થયેલી ધૂળ વેક્યુમ વડે સાફ કરી દો. જો તે ન ખુલે તો તેનાં કાણાંમાંથી વેક્યુમ વડે સફાઈ કરો.



- **દર 10 વર્ષે**
  આખુંયે અલાર્મ બદલીને નવું નાંખવાનું જ સૌથી સારું છે.



# ગમે ત્યારે ત્રાસ કરતાં અલાર્મ

## મારું અલાર્મ વારંવાર વાગવા માંડે છે - શું તકલીફ છે?

- **ખોટે ખોટા વાગતા અલાર્મ ત્રાસદાયક હોઈ શકે છે, પણ તે રોકવાનું સહેલું છે. તમે ગમે તે કરો, પણ તેની બેટરી ક્યારેય કાઢી લેશો નહિ કે તેને ક્યારેય જોડાણમાંથી છૂટું કરશો નહિ.**



- સામાન્ય સમસ્યા અલાર્મ રસોડાની બહુ નજીકમાં મૂક્યું હોવાની છે - જ્યાં રસોઈ કરવાને કે ટોસ્ટ બનાવવાને કારણે થતા ધુમાડાથી તે વારંવાર વાગવા માંડે છે. તે લગાવવા વિશે આપવામાં આવેલી સલાહ અનુસરો અને ઓછી સંવેદનશીલ જગ્યામાં અલાર્મ મૂકી જુઓ. અથવા, તેના બદલે બીજું હશ કે સાઈલેન્સર બટનવાળું અલાર્મ લગાવો.

***ચેતવણી!*** *ખોટે ખોટું વાગતું તમારું અલાર્મ એમ પણ જણાવે છે કે તેની સર્વિસ કરાવવાની જરૂર છે.*

- અલાર્મમાં કોઈ ધૂળ કે કચરો જમા થયો હોય તો તે સાફ કરવા માટે તેમાં વેક્યુમ કરો.
- જો તમારું સ્મોક અલાર્મ નિયમિત રીતે 'બીપ' 'બીપ'નો અવાજ કરવા માંડે, તો તમારે શક્ય તેટલી જલદી તેની બેટરી બદલી દેવી જ જોઈએ. જો તે  વર્ષની બેટરીવાળું અલાર્મ હોય, તો તમારે આખું યૂનિટ બદલી દેવું જોઈએ.



# તમારું સ્મોક અલાર્મ વાગવા માંડે તો શું કરવું

**જો તમે સ્મોક અલાર્મ લગાવ્યાં હોય, તો તમે તમારા કુટુંબ અને ઘરનું આગથી રક્ષણ કરવા માટેનાં શરૂઆતનાં અગત્યનાં પગલાં લીધાં જ છે. પણ જો રાતના સમયે તમારું સ્મોક અલાર્મ વાગવા માંડે, તો શું કરવું તેની તમને ખબર છે?**

## તૈયાર રહો! પહેલેથી વિચાર કરી રાખો!

**'ફાયર એક્શન પ્લાન' (આગ લાગે ત્યારે લેવાનાં પગલાંની યોજના) બનાવો, જેથી જો આગ લાગે તો શું કરવું અને સલામતીપૂર્વક કેવી રીતે ભાગી નીકળવું તેની દરેક જણને બરાબર ખબર હોય.**

- બાળકો, વૃદ્ધજનો અને હરવા ફરવાની જેમને તકલીફ હોય તેવાં લોકોની ખાસ વધારે સંભાળ રાખો. તમારી સાથે જે કોઈ પણ રહેતું હોય તેમને પણ તમારી યોજના જણાવવાનું ભૂલશો નહિ.



- બહાર ભાગી નીકળવા માટેના તમારા રસ્તા ક્યા હશે તે વિચારી રાખો અને તે રસ્તામાં કોઈ અંતરાયો ન મૂકો.



- બારણાં અને બારીઓની ચાવીઓ હાથવગી રાખો અને તે ક્યાંથી લેવી તેની દરેક જણને ખબર હોય તેની ખાતરી કરો.



# આગ શરૂ થઈ જાય તો શું કરવું

**જો તમારું સ્મોક અલાર્મ વાગવા માંડે, તો તપાસ કરવામાં સમય ન બગાડશો.**

- તમારો 'ફાયર એક્શન પ્લાન' અનુસરો. તમારા ઘરમાં રહેલાં લોકોને ચેતવી દો અને શક્ય તેટલી ઝડપથી ઘરમાંથી બધાંને બહાર કાઢી લો.



---

- જો ધુમાડો હોય, તો નીચા વળીને રહો, જ્યાં હવા ચોખ્ખી હોય છે.



---

- તમે જેવા મકાનમાંથી બહાર નીકળી જાવ એટલે તરત જ 999 ઉપર ફોન કરો. મોબાઈલ કે પાડોશીના ફોનનો ઉપયોગ કરો.




**જોખમો ન લેશો**

સલામત આગ જેવી કોઈ વસ્તુ નથી. આગ સામે લડવા કરતાં આગ લાગતી રોકવાનું તમારા માટે વધારે સારું છે.

**આગ સામે લડવાનું કામ વ્યસાયિક ફાયરફાઈટરો ઉપર છોડી દેવાનું જ શ્રેષ્ઠ છે.**

## જો બહાર ભાગવાના રસ્તા બંધ હોય તો



- તમે બહાર નીકળી શકો તેમ ન હો, તો બધાંને એક જ રૂમમાં ભેગાં કરી દો, શક્યતઃ જ્યાં બારી અને ફોન હોય તેવો રૂમ પસંદ કરો. ધુમાડો રૂમની અંદર આવતો રોકવા માટે બારણાની તિરાડો આગળ ચાદરો વગેરે મૂકી દો.



- જો તમે ભોંયતળિયે અથવા પહેલા મજલે હો, તો બારીમાંથી બહાર નીકળી જાવ. બહાર જમીન ઉપર ચાદરો કે તકિયા નાંખો, જેથી તમે પડો તો વાગે નહિ, અને નીચા નમીને ઉતરો. કૂદકો મારશો નહિ!

- તમારાથી બારી ન ખુલે, તો તેના નીચલા એક ખૂણેથી કાચ તોડી નાંખો. તૂટેલા કાચની અણિયાળી ધારો ઉપર ટાવલ કે ધાબળો ઢાંકી દઈને તેને સુરક્ષિત કરી દો.

## જો આગ લાગી હોય તો...

## બહાર નીકળી જાવ બહાર જ રહો અને

# 999

## ઉપર ફોન કરો

**કોઈ પણ કારણોસર અંદર પાછા જશો નહિ.**

*બહાર ઊભા રહીને ફાયર બ્રિગેડના આવવાની રાહ જુઓ.*




## હોંશિયાર બનો!

તમારું જીવન બચાવી શકે તેવી માહિતી.

## સાધનસજ્જ બનો!

તમારી પોતાની સલામતીમાં રોકાણ કરો.

## બહાર નીકળી જાવ!

યોજના કરી રાખો. તૈયાર રહો.

‘હોંશિયાર બનો! સાધન સજ્જ બનો! બહાર નીકળી જાવ!’ નામની આગથી સુરક્ષા વિશેની શ્રેણીબદ્ધ પત્રિકાઓમાંની આ એક પત્રિકા છે, જે તમારા સ્થાનિક ફાયર બ્રિગેડ પાસેથી મળી શકશે. આ શ્રેણીની બીજી પત્રિકાઓ, આગથી બચવા માટેનાં સાધનો, માતાપિતા અને બાળકો માટે આગથી સુરક્ષા અને જેમને જોવાની તકલીફ અથવા હરવા ફરવાની મુશ્કેલી હોય તેવાં લોકો માટે વધારાની માહિતી પૂરી પાડે છે.

તેનાં ભાષાંતરો તેમજ બીજાં સ્વરૂપો પણ મળી શકે છે.

Published by the Office of the Deputy Prime Minister.
©Crown copyright 2003.
Printed in the UK, September 2003, on material containing 75% post-consumer waste and 25% ECF pulp (03DOC01123)
Product code: Fire alarms 03gu

FIRE KILLS
YOU CAN PREVENT IT

**વધારે માહિતી માટે www.firekills.gov.uk ઉપર અમારી વેબસાઈટની મુલાકાત લો.**